નર્મદા યોજનામાં ભાગીદાર રાજ્યો પાસેથી બાકી વસુલાત.

*** ૧૫/૦૪/૩૪: શ્રી અનંતકુમાર હસમુખભાઇ પટેલ (વાંસદા):** ચૌદમી ગુજરાત વિધાનસભાના દસમાં સત્રમાં તા.૧૭/૦૩/૨૦૨૨ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક-૪૩૭૩૩(અગ્રતા-૧૩૦) ના અનુસંધાને માનનીય મુખ્યમંત્રીશ્રી (નર્મદા) જણાવવા કૃપા કરશે કે:-

પ્રશ્ન

(૧) સરદાર સરોવર નર્મદા યોજનાના ભાગીદાર રાજ્યો મધ્યપ્રદેશ લમહારાષ્ટ્ર અને રાજસ્થાન પાસેથી અનુક્રમે રૂ.૪૯૫૩.૪૨લ રૂ.૧૭૧૫.૬૭ અને રૂ.૫૫૬.૦૧ કરોડની રકમ લેવાની નીકળતી હતી તે પૈકી તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ કયા રાજ્ય પાસેથી કેટલી રકમ મળીલ

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત કયા રાજ્ય પાસેથી કેટલી રકમ વસૂલ કરવાની બાકી છે, અને

(૩) ઉકત બાકી રકમ વસુલવા ઉકત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં શી કાર્યવાહી કરવામાં આવી**?**

જવાબ

(૧) દર્શાવેલ બાકી રકમો પૈકી ૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ ભાગીદાર રાજ્યો પાસેથી નીચે મુજબની રકમ મળેલ છે. (રકમ રૂ./ કરોડમાં)

| રાજ્ય | મળેલ રકમ (રૂ./ કરોડમાં) |
|---|---|
| મધ્યપ્રદેશ | ૦.૦૦ |
| મહારાષ્ટ્ર | ૬૫.૬૭ |
| રાજસ્થાન | ૨૭.૩૧ |
| કુલ રકમ | ૯૨.૯૮ |

(૨) ઉકત સ્થિતિએ સરદાર સરોવર નર્મદા યોજનાના ભાગીદાર રાજ્યો મધ્યપ્રદેશલ મહારાષ્ટ્ર અને રાજસ્થાન પાસેથી કેપીટલ શેર કોસ્ટ અને ઓ.એન્ડ.એમ ની સાથે નીચે મુજબની રકમ વસુલ કરવાની બાકી રહે છે જેમાં બિન વિવાદીત અને વિવાદીત રકમનો સમાવેશ થાય. (રકમ રૂ/. કરોડમાં)

| રાજય | તા.૩૧/૧૨/૨૧ ની સ્થિતિએ ગુજરાત સરકારે લેવાની થતી રકમ | તા.૧/૧/૨૨ થી ૩૧/૧૨/૨૩ આ સમયગાળા દરમ્યાન સરદાર સરોવર પરિયોજના પેટે લેવાની થતી રકમ. માં થયેલ વધારો. | મળેલ રકમ | ૩૧/૧૨/૨ ની સ્થિતિએ ગુજરાત સરકારે લેવાની થતી રકમ ૫=૨+૩-૪) |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| મધ્યપ્રદેશ | ૪૯૫૩.૪૨ | ૨૭૨.૦૯ | ૦.૦૦ | ૫૨૨૫.૫૧ |
| મહારાષ્ટ્ર | ૧૭૧૫.૬૭ | ૧૨૮.૮૬ | ૬૫.૬૭ | ૧૭૭૮.૮૬ |
| રાજસ્થાન | ૫૫૬.૦૧ | ૪૩.૧૪ | ૨૭.૩૧ | ૫૭૧.૮૪ |
| કુલ રકમ | ૭૨૨૫.૧૦ | ૪૪૪.૦૯ | ૯૨.૯૮ | ૭૫૭૬.૨૧ |

(૩) અદ્યતન સ્થિતિએ લેવાની બાકી રકમ વસુલાત માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં નીચે મુજબની કાર્યવાહી કરવામાં આવી.

૧.નર્મદા કન્ટ્રોલ ઓથોરીટીની ખર્ચ વહેંચણી અને ચુકવણાના પ્રશ્નોને લગતી કમિટીની તા. ૦૮/૧૦/૨૦૨૧ ના રોજ યોજાયેલ પ્રથમ મિંટીંગમાં બાકી લેણી નીકળતી રકમ મેળવવા અને તેના ઝડપી નિરાકરણ અર્થે રજુઆત કરવામાં આવેલ જેના પરીણામ સ્વરૂપે, એના સી.એ. દ્વારા દરેક ભાગીદાર રાજયના પ્રતિનિધિઓનો સમાવેશ કરી વિવિધ સબગ્રુપની કમિટિઓની રચના કરવામાં આવેલ.

૨.નર્મદા કન્ટ્રોલ ઓથોરીટી ખર્ચ–વહેંચણી–ચુકવણીના પ્રશ્નો બાબતની પુન: સ્થાપન – પર્યાવરણ બાબતોના સબગ્રુપ કમિટીની તા. ૧૧/૦૧/૨૦૨૨ ના રોજ યોજાયેલ મિટીંગમાં સરદાર સરોવર નર્મદા યોજના અન્વયે બાકી લેણી નીકળતી રકમની પડોશી રાજયો દ્વારા ચુકવણી થાય તે અંગે રજુઆત કરેલ હતી.

૩. પુન: સ્થાપન અને પુન: વસવાટ ખર્ચના વિવાદના નિવારણ અંગે ગુજરાત સરકાર દ્વારા સદરહું બાબતે તા. ૨૯/૧૧/૨૦૨૧ ના રોજ ગુજરાત સરકારના માન. મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્ર પટેલની કક્ષાએથી ભારત સરકારશ્રીના માનનીય કાયદા વિભાગના મંત્રીશ્રી કિરણ રીજ્જુને પત્ર લખી આ અંગે રજુઆત કરવામાં આવેલ હતી.

૪. નર્મદા કન્ટ્રોલ ઓથોરીટીના ખર્ચ–વહેંચણી–ચુકવણીના પ્રશ્નો બાબતની સીવીલ વર્કસ – **IBPT** ના ઓપરેશનને લગતાં સબગ્રુપ કમિટીની તા. ૧૧/૦૪/૨૦૨૩ ના રોજ યોજાયેલ મિંટીંગમાં સરદાર સરોવર નર્મદા યોજના અન્વયે બાકી લેણી નીકળતી રકમની પડોશી રાજયો દ્વારા ચુકવણી થાય તે અંગે રજુઆત કરેલ હતી.

૫. નર્મદા કન્ટ્રોલ ઓથોરીટીની તા.૦૮/૦૫/૨૦૨૩ ના રોજ યોજાયેલ ૯૪મી મિંટીંગમાં, સરદાર સરોવર નર્મદા યોજના અન્વયે બાકી લેણી નીકળતી રકમની પડોશી રાજયો દ્વારા ચુકવણી થાય તે અંગે રજુઆત કરેલ હતી.

૬. વધુમાં **NCA** ની તા.૦૮/૦૫/૨૦૨૩ ના રોજ યોજાયેલ ૯૪ મીટીંગમાં, પુન:સ્થાપન, પુન:વસવાટના વિવાદના નિરાકરણ માટે **NCA** દ્વારા, એટર્ની જનરલ સમક્ષ રજૂઆત કરવા અંગે નિર્ણય લેવામાં આવેલ જે મુજબ **NCA** દ્વારા આ બાબતની પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ છે.

૭. નિગમ કક્ષાએથી દર માસના અંતે, ત્રણેય ભાગીદાર રાજ્યો એટલે કે મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને રાજસ્થાનને સરદાર સરોવર પરિયોજના ના બાકી લેણાંની ચુકવણી અંગે વિગતવાર પત્રકો સહીત પત્રો લખવામાં આવેલ છે.

૮.સંચાલકશ્રી (નહેરો), સ.સ.ન.નિ.લી. દ્વારા તા.૦૯/૦૮/૨૦૨૩ ના પત્રથી મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર રાજ્ય અને રાજસ્થાન રાજ્યને તા.૨૩/૦૮/૨૦૨૩થી પત્ર લખવામાં આવેલ છે.

---